**ફોજદારી અપીલ નં.૧૬૧/૨૦૨૫**

**–:: આંક–૪ લગત હુકમ ::–**

૧. અરજી તથા કેસ પેપર્સ વંચાણે લીધા. એપેલન્ટ તથા સામાવાળાના વિ. વકીલશ્રીને સાંભળ્યા. હાલની અરજી એપેલન્ટ/આરોપીને મોરબીના વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ફોજદારી કેસ નં.૪૩૩૧/૨૦૧૯ ના કામે તકસીરવાન ઠરાવી સજા અને દંડ બાબતે જે હુકમ કરેલ છે તેને સ્થગીત કરવા આપેલ છે. ટ્રાયલ કોર્ટે આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ–૨૫૫(૨) તથા ૩૫૩ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૮(૨) તથા ૩૯૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદ તથા ફોજદારી કાર્યવાહીના કાયદા ૧૯૭૩ ની કલમ– ૩૫૭(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૯૬ મુજબ વિવાદીત ચેકની બાકી નીકળતી રકમ રૂા.૧,૭૪,૦૫૪/– ની ડબલ રકમ રૂા.૩,૪૮,૧૦૮/– નો દંડ તથા તે દંડમાંથી ફરીયાદીને ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદ તારીખથી ચુકવણી તારીખ સુધીના ૯ % વ્યાજ સહિત ચુકવી આપવા તથા દંડ ભરવામાં કસુર થયેથી આરોપીએ વધુ ૯૦ (નેવું) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવેલ છે.

૨. એપેલન્ટના વિ. વ. શ્રી કે.એમ.ઝીંઝુવાડીયાની દલીલ છે કે, અપીલ ચાલતા લાંબો સમય લાગે તેમ હોય અને તેઓની અપીલ મંજુર થાય તેવી પુરી શક્યતા હોય જેથી અપીલના આખરી નિકાલ સુધી ટ્રાયલ કોર્ટના હુકમને સ્ટે કરવા અને તેઓને જામીન મુકત કરવા અરજ કરેલ છે. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી ઉપર તેમના સંતાનો તથા પરીવારની જવાબદારી છે. અરજદાર/આરોપી કયાંય નાસી ભાગી જાય તેમ નથી તેથી હાલની અરજી મંજુર કરવા વિનંતી છે.

૩. સામાવાળા/મુળ ફરીયાદી તરફે વિધ્વાન વ.શ્રી આર.એ.પટેલ ધ્વારા હાલની અરજી મંજુર કરવામાં આવે તો વાંધો હોવાનું જાહેર કરેલ છે.

૪. હાલના કામનું રેકર્ડ જોઈએ તો એ હકીકત ફલીત થાય છે કે, એપેલન્ટ/આરોપીને વિધ્વાન નીચેની કોર્ટે કિ. પ્રો. કોડની કલમ–૨૫૫(૨) તથા ૩૫૩ (ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૨૭૮(૨) તથા ૩૯૨) અન્વયે ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનામા તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદ તથા ફોજદારી કાર્યવાહીના કાયદા ૧૯૭૩ ની કલમ–૩૫૭(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા–૨૦૨૩ ની કલમ–૩૯૬ મુજબ વિવાદીત ચેકની બાકી નીકળતી રકમ રૂા.૧,૭૪,૦૫૪/– ની ડબલ રકમ રૂા.૩,૪૮,૧૦૮/– નો દંડ તથા તે દંડમાંથી ફરીયાદીને ફરીયાદવાળા ચેકની રકમ ફરીયાદ તારીખથી ચુકવણી તારીખ સુધીના ૯ % વ્યાજ સહિત ચુકવી આપવા તથા દંડ ભરવામાં કસુર થયેથી આરોપીએ વધુ ૯૦ (નેવું) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરેલ છે અને એપેલન્ટ/આરોપી તા.૧૮/૧૨/૨૦૨૫ ના રોજ હાજર થતાં અપીલ સયમ દરમ્યાન હાજર થતાં અદાલતે સજાનો હુકમ અપીલ પીરીયડ સુધી મોકુફ રાખવાનો હુકમ કરવામાં આવેલ છે તેમજ એપેલન્ટે વળતરની રકમના વીસ ટકા રકમ અત્રેની કોર્ટમાં જમાં કરાવી દીધેલ છે. આમ, આવા સંજોગોમાં આ અદાલતના મત મુજબ આ અપીલ હજુ નવી દાખલ થયેલ છે અને બન્ને પક્ષે દલીલ સાંભળ્યા બાદ દલીલનો આખરી નિર્ણય કરવાનો રહે છે તેથી હાલ પુરતા આરોપીને યોગ્ય રકમના જામીન ઉપર મુકત કરવા જરૂરી છે. આથી આ કામે ન્યાયના હીતમા નીચે જણાવ્યા મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::હુકમ::–**

૧. મોરબીના વિધ્વાન જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસશ્રીએ ફોજદારી કેસ નં.૪૩૩૧/૨૦૧૯ ના કામે એપેલન્ટ/આરોપીને નેગોશીએબલ

**ફોજદારી અપીલ નં.૧૬૧/૨૦૨૫**

ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે તા.૧૯–૧૧–૨૦૨૫ ના રોજ કરેલ હુકમ આ અપીલનો આખરી નિર્ણય થતા સુધી સ્થગીત કરવામાં આવે છે અને એપેલન્ટ/આરોપીને રૂા. ૧૫,૦૦૦/– (અંકે રૂપીયા પંદર હજાર પુરા) ના સધ્ધર જામીન તથા તેટલીજ રકમના જાત મુચરકા કરી આપ્યેથી નીચેની શરતોને આધીન હાલની અરજી મંજુર કરવા હુકમ કરવામાં આવે છે.

શરતો:–

૧. અપીલની સુનાવણી દરમ્યાન એપેલન્ટ/આરોપીએ અત્રેની અદાલત સમક્ષ હાજર રહેવું.

૨. અત્રેની અદાલતની પૂર્વ પરવાનગી વગર એપેલન્ટ/આરોપીએ ભારત દેશની હદ છોડવી નહીં.

૩. રીસ્પોન્ડન્ટ/ફરીયાદી પક્ષના સાહેદોને ધાક ધમકી કે લાલચ આપવી નહીં. એપેલન્ટસ/આરોપીએ અપીલ સમયના જામીન અત્રેની અદાલત સમક્ષ આપવા.

૪. અરજદાર/આરોપી શરતોનું પાલન કરવામાં ચુક કરે તો તેઓને આપવામાં આવેલ આ જામીન આપોઆપ રદ ગણવાના રહેશે.

- એપેલન્ટ/આરોપીએ અપીલ સમયના જામીન અત્રેની અદાલત સમક્ષ આપવા.
- હુકમની યાદી જામીન સ્વીકાર્યેથી વિ. ટ્રાયલ કોર્ટને પાઠવવી.
- આ હુકમની ખરી નકલ ટ્રાયલ કોર્ટને મોકલવી.

આ હુકમ આજરોજ તારીખ : ૩૦ મી,માહે : ડીસેમ્બર, સને : ૨૦૨૫ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ :– મોરબી
તા.૩૦/૧૨/૨૦૨૫
**//NDB//**

**(પ્રથમેશ વિનોદચંદ્ર શ્રીવાસ્તવ)**
સત્ર ન્યાયાધીશ, મોરબી.
(કોડ નં.જીજે૦૦૩૭૨)